# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 8-11-2024** **Morning : 7.10 to 7.20 am**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

.......................................................................................................................................

- રાજ્યમાં ચાર કંપનીઓ સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં એક લાખ 24 હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરશે.
- રાજ્યના ગંજ બજારોમાં કપાસ અને મગફળી સહિતની જણસની હરાજી-વેચાણનો પ્રારંભ.
- પાટણના પટોળાને જર્મનીમાં 6થી 9 નવેમ્બર દરમ્યાન યોજાયેલા બર્લિન એક્સપોમાં સ્થાન આપવામાં આવ્યું
- રાજ્યમાં વસતા ઉત્તર ભારતીય લોકોએ શ્રધ્ધાપૂર્વક છઠની ઉજવણી કરી. - આજે ઉગતા સૂર્યને અર્ધ્ય સાથે પર્વ સમાપન થશે.
- હવામાન વિભાગે પાંચ દિવસ સુધી દિવસે ગરમી યથાવત રહેવાની આગાહી કરી.

---

## GUJ. SEMI CONDUCTORS CHIP MAKING

રાજ્યમાં માઈક્રોન, ટાટા ઇલેક્ટ્રોનિક્સ, સીજી પાવર – રેનેશા અને કેયન્સ સેમિકૉન જેવી કંપનીઓ સેમિ-કન્ડક્ટર્સ ચીપનું નિર્માણ કરશે.

રાજ્યમાં આ ચાર કંપનીઓ અંદાજે એક લાખ 24 હજાર કરોડનું રોકાણ કરશે અને આ પ્રૉજેક્ટ્સ થકી રાજ્યમાં 53 હજારથી વધુ નવી રોજગારીનું સર્જન થશે. એમ રાજ્યના સાયન્સ અને ટેક્નૉલોજી વિભાગની યાદીમાં જણાવાયું છે.

કેન્દ્ર સરકારે સેમિ-કન્ડક્ટર અને ડિસ્પ્લે ફેબ્રિકેશન ઇકો-સિસ્ટમના વિકાસ માટે 76 હજાર કરોડનું બજેટ ફાળવ્યું છે. ટેક્નૉલોજીના યુગમાં સેમિ-કન્ડક્ટર્સની માગને પહોંચી વળવા દેશમાં સેમિ-કન્ડક્ટર નીતિ અમલમાં મુકનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. સાણંદ G.I.D.C. ખાતે કુલ 7 હજાર 500 કરોડ રૂપિયાથી વધુના પ્રૉજેક્ટ ખર્ચ સાથે સીજી પાવર અને રેનેસાસ કંપની દ્વારા સેમિ-કન્ડક્ટર OSAT સુવિધાની સ્થાપના કરાશે. ઉપરાંત રાજ્ય સરકારે સાણંદમાં કેયન્સ સેમિકોનના પ્લાન્ટને પણ સ્થાપના માટે મંજૂરી આપી છે. આ પ્લાન્ટ દ્વારા 3 હજાર 300 કરોડ રૂપિયાના રોકાણ સાથે અંદાજે 60 લાખ ચિપનું પ્રતિદિન ઉત્પાદન કરાશે.

---------------------------------

# Lakhtar Porbandar yard auction

દિવાળીની રજાઓ બાદ લાભ પાંચમથી રાજ્યનાં ગંજ બજારોમાં જણસની હરાજી અને વેચાણ શરૂ થઈ ગયું છે.

લખતર એપીએમસી ખાતે લાભ પાંચમના દિવસે કપાસની હરાજી શરૂ કરવામાં આવી હતી. વેપારીઓએ હરાજીમાં એક હજાર 400થી એક હજાર 531 રૂપિયા સુધીનો ભાવ બોલતાં ખેડૂતોમાં આનંદ છવાઈ ગયો હતો. લખતર એપીએમસીના અધ્યક્ષ અને સચિવ લાભ પાંચમનાં રોજ જણસ લાવવા બદલ ખેડૂતોનો અને ખરીદી કરવા બદલ વેપારીઓનો આભાર માન્યો હતો.

મહેસાણા જિલ્લાનો કડી તાલુકો કપાસનું હબ ગણાય છે, જ્યાં યાર્ડમાં ખેડૂતોને કપાસનો 20 કિલો દીઠ 1 હજાર 515નો ભાવ મળ્યો હતો. લખતર APMCમાં કડી માર્કેટિંગ યાર્ડ કરતા 16 રૂ. વધુ ભાવ મળતાં ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ હતી. દરમિયાન, પોરબંદર માર્કેટિંગ યાર્ડમાં લાભ પાંચમના દિવસથી માર્કેટિંગ યાર્ડમાં જણસની ખરીદી શરૂ કરાઈ છે. લાભ પાંચમના દિવસે 4 હજાર કિલો મગફળીના પાકની આવક થઈ હતી. ખેડૂતોને 20 કિલો મગફળીનાં 990 થી 1,030 રૂ. અને સોયાબીનના 780થી 805 રૂ. ભાવ મળ્યા હતા.

-----------------------------------

## SOMNATH TRUST

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરની પૂજાવિધિ અને ટ્રસ્ટના અતિથિ ગૃહનું ઑનલાઈન બુકિંગ સત્તાવાર વેબસાઈટ પરથી કરવા વિનંતી કરવામાં આવી છે. મંદિર ટ્રસ્ટના મેનેજર વિજયસિંહ ચાવડાએ ભક્તોને somnath.org વેબસાઈટ પરથી બુકિંગ કરવા ભક્તોને અનુરોધ કર્યો હતો.

(ઓડિયો- વિજયસિંહ ચાવડા, મેનેજર, સોમનાથ મંદિર ટ્રસ્ટ)

-----------------------------------

## PATAN - PATOLA - GERMANY

“પડી પટોળે ભાત ફાટે પણ ફીટે નહીં”. પાટણની પ્રભુતા સમાન પાટણના પટોળાને જર્મનીમાં 6 થી 9 નવેમ્બર દરમ્યાન યોજાયેલા બર્લિન એક્સપોમાં સ્થાન આપવામાં આવ્યું છે.

ભૌગોલિક સૂચકાંક એટલે કે જીયોગ્રાફી ઇન્ડિકેશન રજીસ્ટર, ચેન્નાઈ દ્વારા દેશમાંથી સાત કલાકારોને જર્મની લઈ જવામાં આવ્યા છે. જેમાં પાટણના પટોળા માટે પાટણના માધવી હેન્ડીક્રાફ્ટના શ્યામ સુનિલભાઈ સોનીની પસંદગી કરવામાં આવી હતી. અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધી રમેશ સોલંકી જણાવે છે કે, આ એક્સપોમાં પટોળામાંથી બનાવેલ શર્ટ, ટાઈ, ક્લચ, દુપટ્ટા, બીચ પરના રૂમાલ સહિતની વસ્તુઓ પ્રદર્શિત કરાઇ છે.

ઉલ્લેખનીય છે કે, પાટણના પટોળાની કળા ૧00 વર્ષ કરતાં પણ વધારે જૂની છે અને આધુનિકતા વચ્ચે પણ પટોળાની ભાત અને કલા જળવાયેલી રહી છે.

----------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

..................................................................

# Chhatu Puja

રાજ્યમાં વસતા ઉત્તર ભારતીય લોકોએ ગઇ કાલે મોટી સંખ્યામાં છઠની ઉજવણી કરી હતી. અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે ઉત્તર ભારતીયોએ મોટી સંખ્યામાં છઠ પૂજાની ઉજવણી કરી હતી.

મહિલાઓએ નદી કાંઠે આથમતા સૂર્યની પુજા કરીને અર્ધ્ય આપ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. અમારા ભરૂચ જિલ્લાના પ્રતિનિધી વાહિદ મશહદી જણાવે છે કે, અંકલેશ્વર સહિત જિલ્લામાં વસતા પરપ્રાંતીયો દ્વારા છઠ પુજાની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. અંકલેશ્વરના ગડખોલ, સારંગપુર, કાપોદ્રા, ભડકોદ્રા વિસ્તારમાં વસતા ઉત્તર ભારતીય સમાજની મહિલાઓએ ગઈ સાંજે નર્મદા નદીમાં ઊભા રહીને આથમતા સુર્યને અર્ધ્ય અર્પણ કર્યું હતું. દરમિયાન, આજે વહેલી સવારથી મોટી સંખ્યામાં લોકો નદીએ પહોંચી રહ્યા છે, જ્યાં ઉગતા સૂર્યની પુજા કરવામાં આવી રહી છે, ત્યારબાદ પારણા વિધી કરવામાં આવશે, જેમાં શ્રધ્ધાળુઓ પ્રસાદ આરોગીને 36 કલાકનાં ઉપવાસ તોડશે. આ સાથે ચાર દિવસનાં છઠ પર્વની સમાપ્તિ થશે.

-----------------------------------

# CHOTA UDAYPUR BHAVIK BAJOD

છોટા ઉદેપુરની મધ્યમાં રજવાડાના સમયથી કુસુમ સાગર તળાવ સ્થિત છે પરંતુ છેલ્લા કેટલાય સમયથી તળાવની ગંદકીના કારણે સ્થાનિક લોકો અને નગરજનો પરેશાન હતા. હવે નગરપાલિકા દ્વારા સફાઇ કામગીરી શરૂ થતાં લોકોમાં રાહત અનુભવાઈ છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના 2023-24 અંતર્ગત 50 લાખના ખર્ચે પાંચ વર્ષ માટે તળાવ સફાઇ કામ કરવાનું કામ આપવામાં આવતા લોકોમાં આનંદની લાગણી પ્રસરી છે.

(ઓડિયો : ભાવિક બરજોડ ચીફ ઓફિસર છોટા ઉદયપુર )

-----------------------------------

# GIRNAR- SPEICAL TRAIN

જૂનાગઢમાં આગામી 12મી નવેમ્બરથી શરૂ થનાર ગિરનારની પરિક્રમામાં યાત્રિકોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ વિશેષ બે ટ્રેન દોડાવવાનો નિર્ણય લીધો છે. આજથી 18 નવેમ્બર દરમિયાન વેરાવળ - ગાંધીગ્રામ અને જૂનાગઢ - રાજકોટ વચ્ચે આ ટ્રેન શરૂ થશે. બંને ટ્રેનોના બુકિંગ આજથી શરૂ થશે.

---------------------------------

# Indigo Flights - Update

ઇન્ડિગો એરલાઇન્સે ડિસેમ્બરથી અમદાવાદથી નવી ફ્લાઇટ્સ શરૂ કરવાની જાહેરાત કરી છે. 10 ડિસેમ્બરથી અમદાવાદથી કોચી, અમદાવાદથી ત્રિવેન્દ્રમ, અને કોલકતા તેમજ 11 ડિસેમ્બરથી ગુવાહાટીની ફ્લાઇટ્સ શરૂ કરવામાં આવશે. આ સાથે અમદાવાદ વિમાનમથકથી ઈન્ડિગોની દૈનિક ફ્લાઈટની સંખ્યા 72 થશે.

----------------------------------

# HAVAMAN MAHITI

રાજ્યના હવામાન વિભાગે આગામી પાંચ દિવસ બાદ મહત્તમ તાપમાનમાં એકથી 2 ડિગ્રી સેલ્સિયસ ઘટાડો થવાની આગાહી કરી છે. હવામાન વિભાગના નિદેશક એ. કે. દાસે જણાવ્યું કે, આગામી પાંચ દિવસ કેટલાક જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન એકાદ ડિગ્રી સેલ્સિયસ ઘટી શકે છે.

જ્યારે નવેમ્બર મહિનાના પહેલા પખવાડિયા સુધી લઘુત્તમ અને મહત્તમ તાપમાન સામાન્યથી વધુ રહેવાની શક્યતા છે.

(ઓડિયો - એ. કે. દાસ, નિદેશક, હવામાન વિભાગ)

----------------------------------